# સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ / યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ / વિભાગીય વડાશ્રીઓ / કવાટર્સમાં રહેતા અધિકારીશ્રીઓ / કર્મચારીઓ / વિધાર્થીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે જયારે પણ આપની નજરમાં કોઇ પણ વ્યકિત શંકાસ્પદ પ્રવૃતિઓ કરતા હોય, યુનિવર્સિટીની માલ મિલ્કત તેમજ પાકને નુકશાન કરતી હોય, અનધિકૃત રીતે વાહનો ઉભા રાખીને તેમાં બેઠેલ હોય, દ્રીચક્રીય વાહનો ઉભા રાખીને તેના ઉપર બેસીને અણછાજતી વર્તણુંક કરતા દેખાય તેમજ આવી કોઇપણ પ્રવૃતિઓ ચાલુ દિવસે અથવા ખાસ કરીને રજાના દિવસે કરતા જણાય ત્યારે તાત્કાલિક નીચેની વ્યકિતઓને જાણ કરવી.

| ક્રમ | વ્યકિત / અધિકારીશ્રીનું નામ તથા હોદ્દો | મોબાઇલ નં. |
|---|---|---|
| ૧ | સિકયુરીટી ઓફીસ (૨૪ કલાક), એ-વન ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ, આ.કૃ.યુ., આણંદ | ૯૮૯૮૦ ૨૨૦૯૦ |
| ૨ | શ્રી એન. કે. પાંડવ, સિકયુરીટી સુપરવાઇઝર, એ-વન ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ, આ.કૃ.યુ., આણંદ | ૭૬૯૮૯ ૮૯૪૯૮ |
| ૩ | જે તે યુનિટ હેડ / વિભાગના વડા | - |
| ૪ | ડો. એ. સી. સાધુ, સભ્ય સચિવ (સિકયુરીટી પોઇન્ટ કમિટી) તથા યુનિટ અધિકારી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ | ૯૪૨૯૨ ૫૨૪૫૭ |
| ૫ | ડો. વી. પી. રામાણી, સહ સંશોધન નિયામક (કૃષિ) અને સભ્ય સચિવ (સિકયુરીટી કમિટી), આ.કૃ.યુ., આણંદ | ૯૬૬૨૫ ૨૭૭૮૪ |

વધુમાં, અમુક અધિકારીશ્રીઓ/કર્મચારીઓ દ્વારા હજુ સુધી પોતાના વાહનો પર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ સ્ટીકર લગાડવામાં આવેલ નથી. નવા સ્ટીકરની જરૂરીયાત હોય તો તેઓની કચેરી મારફત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીએથી મેળવી જો કાર અથવા મોટુ વાહન હોય તો ડ્રાઇવર બાજુના કાચમાં ઉપરના ભાગે તથા બાઇક, સ્કુટર વગેરે હોય તો આગળની તરફ હેડ લાઇટની ઉપરના ભાગે દેખાય તેમ સ્ટીકર લગાડવા જણાવવામાં આવે છે. જેથી કરીને સિકયુરીટી ગાર્ડ તેજ જગ્યાએ જોઇને બહારથી આવતા વાહનોમાંથી યુનિવર્સિટી કર્મચારીઓના વાહનો ઝડપથી પારખી તેને પરવાનગી આપી શકે. વધુમાં, યુનિવર્સિટીના જે અધિકારી/કર્મચારીઓના વાહન પર સ્ટીકર લગાવવામાં નહી આવેલ હોય તેમણે યુનિવર્સિટી ગેટ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે જેથી સ્ટીકર લગાડવાની કાર્યવાહી ઝડપથી પુર્ણ કરવી.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૨૦૨ /૨૦૧૯
તા.૧૨/૦૪/૨૦૧૯

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના પ્રતિ,

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
2. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ / યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા પોતાના હેઠળના અધિકારીઓ / કર્મચારીઓને સદર બાબત ધ્યાને લેવા સારૂ
3. નિયામકશ્રી (વિધાર્થી કલ્યાણ પ્રવૃતિઓ), આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા હોસ્ટેલના નોટીસ બોર્ડ પર મુકવા સારૂ
4. સહ સંશોધન નિયામક (કૃષિ) અને સભ્ય સચિવશ્રી (સિકયુરીટી કમિટી), આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
5. સભ્ય સચિવ (સિકયુરીટી પોઇન્ટ કમિટી) તથા યુનિટ અધિકારીશ્રી, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
6. સિકયુરીટી ઓફીસરશ્રી, એ-વન ઇન્ડસ્ટ્રીયલ સિકયુરીટી એન્ડ ઇન્વેસ્ટીગેશન સર્વિસ, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા કેમ્પસમાં સલામતી જળવાઇ રહે તે હેતુસર જરૂરી પગલાં લેવા સારૂ.